1. The Board of Directors of the Company at its meeting held on January 29, 2026 recommended to the shareholders, the passing of Special Resolution to approve the aforesaid matter by way of Postal Ballot through e-voting.
2. In compliance with MCA circulars, the Company has completed dispatch of the Notice of postal ballot dated January 29, 2026 along with the Explanatory Statement, instructions and manner of e-Voting process ("Postal Ballot Notice") **through electronic mode only, on Thursday, March 12, 2026,** to all Members whose email IDs are registered with the Company / depositories and whose names are recorded in the Register of Members / List of Beneficial Owners as on Friday, March 6, 2026 (Cut-off date).
3. Members whose email address is not registered / incorrectly registered with the Company / Depositories, will also be able to cast his / her vote as per process defined in 'Instructions for voting' mentioned in the Postal Ballot Notice.
4. **Members would be able to cast their votes and convey their assent or dissent to the proposed resolution only through the remote e-voting process.** For the purpose of e-voting, the Company has engaged the services of National Securities Depository Limited ("NSDL"). The detailed procedure for e-voting is provided in the Postal Ballot Notice.
5. The board of directors of the Company ("Board") has appointed Mr. Devesh Pathak, Founder of M/s. Devesh Pathak & Associates, Practicing Company Secretaries (FCS 4559, CP 2306) as the scrutinizer for conducting the postal ballot and e-voting process in a fair and transparent manner.
6. Cut-off Date : A shareholder whose names appear on the Register of Members / List of Beneficial Owners as on **March 6, 2026** will be considered for e-voting. A person who is not a shareholder as on March 6, 2026 should treat this notice for information purpose only.
7. E-voting : The voting would commence on **Monday, March 16, 2026 (9.00 a.m.) and end on Tuesday, April 14, 2026 (5:00 p.m.).**

**Important: In accordance with the MCA Circulars, the Company has made necessary arrangements for the members to register their e-mail address. Members who have not registered their e-mail address are requested to register the same (i) with the Depository Participant(s) where they maintain their demat accounts, if the shares are held in electronic form, and (ii) by furnishing Investor Service Request Form (ISR-1) for registering their email addresses and relevant KYC details with the Company's Registrar and Share Transfer Agent, M/s. MUFG Intime India Private Limited. The above forms are available on the Company's website at https://styrenix.com/2506-2/ and on RTA's website at https://web.in.mpms.mufg.com/KYC-downloads.html, if the shares are held in physical form.**

The Postal Ballot notice is also available on the website of the Company, **www.styrenix.com**, relevant sections of the websites of the stock exchanges **(www.bseindia.com** and **www.nseindia.com)** and website of NSDL : **https://www.evoting.nsdl.com/.**

In case of any queries, you may refer the Frequently Asked Questions (FAQs) for Shareholders and e-Voting user manual for Shareholders available at the download section of www.evoting.nsdl.com or call on.: 022 - 4886 7000 or send a request to Ms. Pallavi Mhatre at evoting@nsdl.co.in.

By order of the Board
**For Styrenix Performance Materials Limited**
sd/-
**Date :** March 12, 2026 **Chintan Doshi**
**Place :** Vadodara Manager - Legal & Company Secretary

# મહેસાણામાં દુષ્કર્મનો ભોગ બનેલી ૧૫ વર્ષની સગીરા બની માતા

● મહેસાણા,તા.૧૨

ગુજરાતમાં દીકરીઓની સુરક્ષાપર ગંભીર સવાલો ઉભા કરતી વધુ એક શરમજનક ઘટના મહેસાણા જિલ્લામાંથી સામે આવી છે. લાઘણજપોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં માત્ર ૧૫ વર્ષની સગીરાને હવસનો શિકાર બનાવવામાં આવી, જેનાપરિણામે આ ફૂલ જેવી દીકરી ગર્ભવતી બની અને તેણે ૧૦૮ એમ્બ્યુલન્સમાં જ બાળકને જન્મ આપ્યો છે. આ ઘટનાએ સમગ્રપંથકમાં ભારે રોષ જન્માવ્યો છે.

મળતી માહિતી મુજબ,પીડિત સગીરાનોપરિવાર અત્યંત સામાન્ય છે. સગીરાની માતા રોજગારી મેળવવા માટે મજૂરી કામે જતી હતી.પાછળથી દીકરી ગામમાં આવેલા મહાકાળી માતાના મંદિરપાસે બેસીને માતાની રાહ જોતી હતી. સગીરાની આ એકલતાનો ફાયદો ગામના જ જીગરજી ઉર્ફે જીગો વિષ્ણુજી ઠાકોર નામના શખ્સે ઉઠાવ્યો હતો.

આરોપી જીગરજી સગીરાને લગ્નની અનેક લાલચો આપી, ફોસલાવીને મહાકાળી માતા અને વેરાઈ માતાના મંદિરપાછળ આવેલી અવાવરુ જગ્યામાં લઈ જતો હતો. ત્યાં તેણે સગીરાની મરજી વિરુદ્ધ વારંવાર શારીરિક સંબંધો બાંધ્યા.

હવસખોરના આ જઘન્ય કૃત્યને કારણે ૧૫ વર્ષની સગીરાને ૭ માસનો ગર્ભ રહી ગયો હતો. જ્યારેપરિવારને આ વાતની જાણ થઈ, ત્યારે સમાજમાં થનારી બદનામીના ડરથી માતાએ આ વાત કોઈને કહી નહોતી. પરંતુ, અચાનક સગીરાને પ્રસૂતિનીપીડા ઉપડતા ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી.

પરિસ્થિતિ એટલી ગંભીર હતી કે સગીરાએ ૧૦૮ એમ્બ્યુલન્સમાં જ બાળકને જન્મ આપી દીધો હતો. હાલમાંપીડિતા અને બાળક ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ છે. લાઘણજપોલીસના પીએસઆઈ વાય. એ.પરમારે હોસ્પિટલપહોંચીનેપીડિતાની ફરિયાદ નોંધી છે.પોલીસે આરોપી જીગરજી ઠાકોર સામે મ્દ્રજી અનેપોક્સો એક્ટની કડક કલમો હેઠળ ગુનો નોંધી તેને ઝડપીપાડવા ટીમો દોડાવી છે.

રાજ્યમાં સગીરાઓ સાથે દુષ્કર્મની આ કોઈ એકમાત્ર ઘટના નથી. તાજેતરમાં જ અન્ય જિલ્લાઓમાંથીપણ કાળજું કંપાવી દે તેવા કિસ્સા સામે આવ્યા છે : વડોદરામાં ચોકલેટની લાલચઃ મકરપુરા વિસ્તારમાં ૧૬ વર્ષની સગીરાને ચોકલેટની લાલચ આપી દુષ્કર્મ ગુજારવામાં આવ્યું, જેના કારણે સગીરાને ૬ મહિનાનો ગર્ભ રહી ગયો.પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીઓને દબોચી લીધા છે.

એક વર્ષ અગાઉ સતલાસણાપંથકમાં ૧૫ વર્ષની સગીરાને ભગાડી જઈ દુષ્કર્મ આચરનાર આરોપી રાહુલજી ઠાકોરને કોર્ટે ૨૦ વર્ષની સખત કેદ અને ૩ લાખ રૂપિયા વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે.

સાબરકાંઠા-અરવલ્લીઃ વડાલી અને મેઘરજમાં ધોરણ-૧૧ માં ભણતી બે સગીરાઓને લગ્નની લાલચ આપીને રાજસ્થાન અને અમદાવાદ લઈ જઈનેપીંખી નાખવામાં આવી.

ગઢડામાં ભાઈના મિત્રએ જ આબરૂ લૂંટીઃ માતા-પિતા વિહોણી અનાથ સગીરાપર તેના ભાઈના ૪૦ વર્ષીયપરણિત મિત્ર બેચર જાડાએ દુષ્કર્મ આચરી તેને ગર્ભવતી બનાવી દીધી.પેટમાં દુખાવો થતા ભાંડો ફૂટ્યો અનેપોલીસે આરોપીને જેલ ભેગો કર્યો.

# રાજકોટમાંપોંઝી સ્કીમનો મોટો કૌભાંડઃ ૩૦૦થી વધુ લોકોપાસેથી કરોડો રૂપિયાની ઠગાઈ

● રાજકોટ, તા.૧૨

રાજકોટ શહેરમાંપોંઝી સ્કીમના નામે મોટા કૌભાંડનો મામલો સામે આવ્યો છે. 'રુદ્રા ટ્રેડિંગ' નામથી ચાલી રહેલી સ્કીમમાં રોકાણ કરનારા ૩૦૦થી વધુ લોકો સાથે કરોડો રૂપિયાની ઠગાઈ થઈ હોવાનું બહાર આવ્યું છે. ભોગ બનનાર લોકોએ મીડિયા સમક્ષ આવી સમગ્ર મામલો જાહેર કર્યો છે અનેપોલીસપાસે ન્યાયની માંગ કરી છે.

મળતી માહિતી મુજબ આરોપીઓએ રોકાણકારોને દર મહિને આશરે ૫ ટકા જેટલું ઊંચું વળતર આપવાની લાલચ આપી હતી. આ લાલચમાં આવીને અનેક લોકોએ મોટી રકમ રોકાણ કરી હતી. શરૂઆતમાં થોડા સમય સુધી વળતર મળતા લોકોનો વિશ્વાસ વધ્યો હતો,પરંતુપછી અચાનક સ્કીમ ચલાવનારા બે લોકોપૈસા લઈને ફરાર થઈ ગયા હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

ભોગ બનનાર લોકોના જણાવ્યા મુજબ આશરે ૩૦૦થી વધુ લોકોએ આ સ્કીમમાં રોકાણ કર્યું હતું. અંદાજે ૭૦થી ૮૦ કરોડ રૂપિયાની રકમ આ સ્કીમમાં ફસાઈ ગઈ હોવાનું કહેવામાં આવે છે.

આ મામલેપીડિત લોકોએ રાજકોટપોલીસ કમિશનર અને ડીસીપી ક્રાઈમ સમક્ષ રજૂઆત કરી છે. ડી.સી.પી. ક્રાઈમ જગદીશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ સમગ્ર મામલે તપાસ શરૂ કરવામાં આવી છે.

કેટલાકપીડિતોએ આક્ષેપ કર્યો છે કે જ્યારે તેઓએપૈસાપરત માગ્યા ત્યારે આરોપીઓ તરફથી ધમકીભર્યા સંદેશાઓ આપવામાં આવ્યા હતા. હાલપોલીસે અરજીના આધારે સમગ્ર કેસની તપાસ શરૂ કરી છે અને આરોપીઓને શોધવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# બોર્ડનીપરીક્ષા આપવા જતા વિદ્યાર્થીઓને નડ્યો અકસ્માત, બનાસકાંઠામાં બેના તો તાપીમાં ત્રણના મોત

● પાલનપુર, તા.૧૨

ગુજરાતમાં બે ગમખ્વાર અકસ્માત સર્જાયા છે. જેમાં કુલપાંચ બોર્ડના વિદ્યાર્થીઓના મોત નીપજ્યા છે.પાંથાવાડા નજીક ટ્રેલર અને બાઈક વચ્ચે ટક્કર થઈ હતી. જેમાં બે વિદ્યાર્થીઓના કરુણ મોત નીપજ્યા છે. બંને વિદ્યાર્થીઓ બાઈકપર ધોરણ ૧૨નીપરીક્ષા આપવા જઈ રહ્યા હતા. આ વિદ્યાર્થીઓના કરુણ મોત થતાપરિવારમાં માતમનો માહોલ છવાયો છે. સ્થાનિકપોલીસે વધુ તપાસ હાથ ધરી છે. તો બીજી બાજુ તાપીમાંપણ બોર્ડનીપરીક્ષા આપીને આવતા વિદ્યાર્થીઓનો કરૂણ અકસ્માત થયો છે. જેમાં ત્રણ વિદ્યાર્થીના મોત નીપજ્યા છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે,પૂરપાટ ઝડપે આવતા ટ્રેલરે બાઈક સવાર વિદ્યાર્થીઓને અડફેટે લીધા હતા. બોર્ડનીપરીક્ષા આપવા જતા સમયે ગંભીર અકસ્માત સર્જાયો હતો. સાતસણ અને ગુંદરી ગામના આશાસ્પદ વિદ્યાર્થીઓના અકાળે અવસાનથી સમગ્રપંથકમાં અનેપરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું.પોલીસ ઘટનાસ્થળેપહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મૃતદેહોનેપોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા છે. મૃતક વિદ્યાર્થીઓના નામ લાલાભાઈ વિહાભાઈ ચૌધરી (ઉંમર ૧૭ વર્ષ, રહે. સાતસણ) જગદીશસિંહ શેરસિંહ રાજપૂત (ઉંમર ૧૭ વર્ષ, રહે. ગુંદરી)

તાપી જિલ્લાના ઉચ્છલ-નિઝર હાઈવેપર એક અકસ્માત સર્જાયો છે. અહીં બે બાઈક સામસામે અથડતાં ત્રણ વિદ્યાર્થીના કરૂણ મોત નીપજ્યા છે. ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ બોર્ડનીપરીક્ષા આપીનેપરત ફરી રહ્યા હતા, ત્યારે અકસ્માત નડ્યો હતો. ગમખ્વાર અકસ્માતના બનાવમાં એક વિદ્યાર્થીને ગંભીર ઈજાપહોંચતા તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સમગ્ર મામલે જાણ થતાંપોલીસ ઘટનાસ્થળેપહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

તાપી જિલ્લાના ઉચ્છલ-નિઝર હાઈવેપર નિઝર સીમમાં બે બાઈક વચ્ચે ભયંકર ટક્કર થતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. ટક્કર એટલી ખતરનાક હતી કે, અકસ્માત બાદ બાઈકમાં આગ ફાટી નીકળી હતી. આ બનાવમાં ત્રણ કિશોરોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. મૃતક યુવકો કુકરમુંડા તાલુકાના ગંગથા અને બોરીકુવા ગામના રહેવાસી છે. અકસ્માતના બનાવનેપગલે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. સમગ્ર મામલે જાણ થતાં નિઝરપોલીસની ટીમ ઘટનાસ્થળેપહોંચી હતી અને મૃતકોના મૃતદેહનેપીએમ અર્થે મોકલીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મૃતકોના નામ પિયુશ રાજુ વળવી (રહે. બોરીકુવા), અનિકેત રેહમાનસીંગ વસાવે (રહે. ગંગથા) અભિજીત મંગલસીંગ વસાવે (રહે. ગંગથા)

# શહેરા-મોરવા હડફ સહિત પંથકમાં આજે સ્ચ્ફ્ઝ્જ્નની મેગા ડિસ્કનેક્શન ડ્રાઈવ

● શહેરા,તા.૧૧

શહેરા , મોરવા હડફ સહિત સમગ્ર જિલ્લામાં આગામી ૧૩ માર્ચના રોજ મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા બાકી વીજ બિલની વસૂલાત માટે 'મેગા ડિસ્કનેક્શન ડ્રાઈવ'નું આયોજન કરવામાં આવ્યું છે. જે ગ્રાહકોના વીજ બિલ લાંબા સમયથી બાકી છે, તેઓ વીજ બિલ નહી ભરેતો આ ઝુંબેશ અંતર્ગત વીજ જોડાણ કાપી નાખવામાં આવશે..

શહેરા સહિત સમગ્ર જિલ્લામાં આગામી તા.૧૩ માર્ચના રોજ મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા બાકી વીજ બિલના સંદર્ભમાં મેગા ડિસ્કનેક્શન ડ્રાઈવ હાથ ધરવામાં આવનાર હોવાથી બાકી વીજ બિલ ધરાવતા ગ્રાહકોને તાત્કાલિક બિલ ચૂકવવા અપીલ કરવામાં આવી હતી.

જ્યારે શહેરા-૧ અને શહેરા-૨ પેટાવિભાગીય કચેરી દ્વારા જણાવાયું છેકે લાંબા સમયથી બાકી રહેલા વીજ બિલની વસૂલાત માટે આ ખાસ અભિયાન હાથ ધરવામાં આવશે,જેમાં એમ.જી.વી.સી.એલ કચેરીના અધિકારીઓ અને સ્ટાફ દ્વારા બાકી બિલ ધરાવતા ગ્રાહકોએ જો વીજ બિલ ભર્યું નહીં હોય તો તેઓના વીજ કનેક્શન કાપવાની કાર્યવાહી કરવામાં આવશે,

જેથી આ મેગા ડિસ્કનેક્શન ડ્રાઈવ પહેલા જ પોતાના બાકી રહેલા વીજ બિલની સંપૂર્ણ રકમ ભરપાઈ કરી દેવા વીજ ગ્રાહકોને અપીલ કરવામાં આવી રહી છે,જો ડિસ્કનેક્શન ડ્રાઈવ દરમિયાન વીજ કનેક્શન કાપવામાં આવશે તો બાકી રહેલી વીજ બિલની ૧૦૦ ટકા રકમ તથા રી-કનેક્શન ચાર્જ ભર્યા બાદ જ ફરી કનેક્શન શરૂ કરવામાં આવશે તેમ જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત વીજ ગ્રાહકોને પોતાની વીજ બિલની રકમ કંપનીની સ્થાનિક કચેરી, જનસેવા કેન્દ્ર, સેન્ટર તેમજ વિવિધ ઓનલાઈન પેમેન્ટ માધ્યમો દ્વારા સરળતાથી ચૂકવણી શકે છે,જેથી બાકી વીજની ધરાવતા તમામ ગ્રાહકોને સમયસર વીજ બિલ ભરવા અને ડિસ્કનેક્શનની કાર્યવાહીથી બચવા મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા ખાસ અપીલ કરવામાં આવી છે.જે ગ્રાહકોના વીજ બિલ લાંબા સમયથી બાકી છે, તેઓ વીજ બિલ નહી ભરેતો આ ઝુંબેશ અંતર્ગત વીજ જોડાણ કાપી નાખવામાં આવશે.

# ગિરનાર અંબાજી મંદિરમાં દારૂ, ચિકનપાર્ટીનો વિવાદ, ૧૧પૂજારીઓ અને કર્મચારીઓને સસ્પેન્ડ

● જુનાગઢ, તા.૧૨

ગુજરાતના પ્રસિદ્ધ તીર્થસ્થળ ગિરનારપર આવેલા મા અંબાજી મંદિરમાં દારૂ અને ચિકનનીપાર્ટીના વાયરલ વીડિયોને લઈને મોટો વિવાદ થયો છે. આપવિત્ર સ્થળના ભંડારામાં આવી અનુચિત પ્રવૃત્તિની ફરિયાદ મળતા જ જિલ્લા વહીવટી તંત્રે તાત્કાલિક કાર્યવાહી કરી છે. મંદિર સાથે જોડાયેલા ૧૧ વ્યક્તિઓ, જેમાંપૂજારીઓપણ સામેલ છે,જેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ ઘટનાએ ધાર્મિક લાગણીઓને ઠેસપહોંચાડી છે અને સમગ્ર રાજ્યમાં ચર્ચાનો વિષય બની છે.

ગિરનારપર્વતપર સ્થિત મા અંબાજી (અંબિકા) મંદિર એક પ્રાચીન શક્તિપીઠ તરીકે ઓળખાય છે, જ્યાં લાખો ભક્તો દર વર્ષે દર્શન માટે આવે છે. મંદિરના ભંડારામાં, જ્યાં સામાન્ય રીતે પ્રસાદ અને ધાર્મિક વસ્તુઓનું વિતરણ થાય છે, ત્યાં દારૂની બોટલો અને ચિકનના વ્યંજનો સાથેપાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયાપર વાયરલ થયા બાદ તંત્રને ફરિયાદ મળી હતી. વીડિયોમાં મંદિર સાથે જોડાયેલા કેટલાક વ્યક્તિઓ જોવા મળે છે, જેમાંપૂજારીઓપણ સામેલ હોવાનું જાણવા મળ્યું.

આ વીડિયોની તપાસ કરતા તંત્રને જાણવા મળ્યું કે આપાર્ટી મંદિરનાપરિસરમાં જ યોજાઈ હતી, જે ગુજરાતમાં દારૂબંધીના કાયદાનું સ્પષ્ટ ઉલ્લંઘન છે.ગુજરાતમાં દારૂનું વેચાણ અને વપરાશ સંપૂર્ણપણે પ્રતિબંધિત છે, અને આવાપવિત્ર સ્થળપર આવી પ્રવૃત્તિ વધુ ગંભીર માનવામાં આવે છે. તંત્રના અધિકારીઓએ સીસીટીવી ફૂટેજની તપાસ કરી અને વધુ વિગતો મેળવી છે, જેમાં આરોપીઓની ઓળખ કરવામાં આવી છે.ગુજરાત પ્રવાસ ગાઈડ

જુનાગઢ શહેરના મામલતદાર, જેઓ વર્તમાનમાં મંદિરના વહીવટદાર તરીકે કાર્યરત છે, દ્વારા આ ઘટનાપર તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી. મંદિરના મહંત તનસુખગીરીના બ્રહ્મલીન થયા બાદથી મંદિરનું વહીવટ રાજ્ય સરકારના હસ્તક છે. મામલતદારેપૂજારીઓ સહિત ૧૧ વ્યક્તિઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધા છે અને નવા બેપૂજારીઓની નિમણૂક કરી છે, જેથી મંદિરની ધાર્મિક વિધિઓમાં કોઈ વિક્ષેપ ન આવે.

આ ઉપરાંત, તંત્રે વધુ તપાસ માટે સીસીટીવી ફૂટેજ અને અન્યપુરાવાઓનું વિશ્લેષણ શરૂ કર્યું છે. જો આમાં વધુ વ્યક્તિઓ સામેલ હશે તો તેમની વિરુદ્ધપણ કાર્યવાહી કરવામાં આવશે. ગુજરાતમાં દારૂબંધીના કાયદા હેઠળ આવી પ્રવૃત્તિઓ માટે દંડ અને જેલની સજાપણ થઈ શકે છે.

# ભાવનગરની બેંકમાંથી રજાના દિવસે ૭.૩૫ કરોડની ઓનલાઇન લૂંટ, બેંક ગાંધીનગર સીઆઇડી ક્રાઈમ કચેરીએપહોંચી

● ભાવનગર,તા.૧૨

વાત ગળા નીચે ઉતરે તેમ નથીપણ આ ટેક્નોલોજીનો યુગ છે. ભાવનગર શહેરના ગંગાજળીયા તળાવમાં આવેલી ડીસ્ટ્રીક કો ઓપરેટીવ બેંકમાંથી ઓનલાઈન હેકર્સે ૭.૩૫ કરોડ ચાર સામાન્ય શખ્સોના ખાતાનો ઉપયોગ કરીને લૂંટી લીધા છે. બેક્ર ગાંધીનગર સીઆઈડી સાઈબર ક્રાઈમમાં ફરીયાદ કરવા દોડી ગઈ હતી. સવાલ એ છે ૧૩૨ કરોડમાંથી બીજાપૈસા કેવી રીતે બચી ગયા અને કોણ છે આ હેકર્સ? સાયબર ફ્રોડના કિસ્સાઓ વિશે હાલમાં દેશમાં જાગૃતિ આવી ગઈ છે. લોકો સાયબર ફ્રોડને લઈને જાગૃતપણ બન્યા છે,પરંતુ એક એવો કિસ્સો સામે આવ્યો છે, જે જાણીને તમેપણ ચોંકી જશો. ભાવનગર શહેરની ડિસ્ટ્રિક્ટ કોપરેટીવ બેંકની ચાર શાખાઓમાંથી ખાતેદારોના ખાતામાંથી હેકર્સ દ્વારા બેંકની મૂળ થાપણ કરોડોમાં હોય તેમાંથી ૭.૩૫ કરોડ જેવી રકમ ઉઠાવી ગયા છે. પ્રશ્ન એ છે એ રજાના દિવસમાં બેંક બંધ હતી છતાં આ શક્ય કેમ બન્યું. જો કે બેંક ફરીયાદ કરવા ગાંધીનગર દોડી ગઈ હતી.

ભાવનગર શહેરના ગંગાજળીયા તળાવમાં આવેલી ડિસ્ટ્રીક કો. ઓપરેટીવ બેંકમાં ૭.૩૫ કરોડો રૂપિયાની રકમ ઓનલાઈન ઉઠાવી લીધી છે. આ બનાવનેપગલે બેંકના ચેરમેન રસિકભાઈ ભીંગરાડિયાએ જણાવ્યું હતું કે, "આમ તો ઘટના બની શનિવાર સાંજથી આ લોકોની તૈયારી હશે. રવિવારને ધ્યાનમાં રાખીને આ કાવતરું કર્યું છે. સોમવારે સવારે ૧૦.૦૦ કલાકે બેંક ખોલી અને જે ટેબલ સંભાળતા હતા તેને ખોલીને જોયું તો દર રજામાં ૫૦ થી ૬૦ લાખની રકમ મોબાઈલથી ટ્રાન્સફર થતી હોય છે. આમાં ૭ કરોડથી વધુનો આંકડોપાર જોયો એટલે તેમને સીઈઓને બોલાવ્યા અને જોયુ તો સાત કરોડ ઉપર રકમ ઉપડી ગઈ હતી, એટલે અમારું જે સોફ્ટવેર છે, તે કંપનીને જાણ કરી અને સિસ્ટમ બંધ કરી દીધી હતી."

ચેરમેન રસિકભાઈ ભીંગરાડિયાએ જણાવ્યું હતું કે "અમારે સોફ્ટવેરવાળા જે કંપનીવાળા હતા, તેને બોલાવ્યા અને તેમાં તપાસ કરી તો ડિસ્ટ્રીક કોપરેટીવ બેંકની ચાર બ્રાન્ચ સીદસર, સુભાષનગર, ભરતનગર અને તળાજા જેમાંથી એક એક વ્યક્તિના ખાતામાંથી કે જે ખેડૂત ખાતેદારપણ નહોતા. સામાન્ય લોકો હતા, તેના ખાતામાં જ્યાં બેલેન્સપણ હજાર, ૨૦૦૦ કે ૩૦૦૦ જેવી હોય તેના ખાતાનો ઉપયોગ કરીને ૭.૩૫ કરોડ જેવી રકમ આ લોકોએ ઉપાડી લીધી છે."

રસિકભાઈ ભીંગરાડિયાએ વધુમાં જણાવ્યું હતું કે, "આ રકમ કોઈ ખાતેદારોની નથી ગઈ. અમારી બેંકની ડિપોઝિટ જેસી બેંકમાંપડી હોય તેમાંથી ઉપડી છે, તેના માટે આંકડો તૈયાર કરી ગઈ કાલે બપોરપછી અમારી ટીમ ગાંધીનગર ગઈ અને એફઆઈઆર લખાવી હતી.

# વિજાપુરના હસ્નાપુરમાં મહિલાની હત્યાના બે આરોપીને જીવનના છેલ્લા શ્વાસ સુધી કેદ

● મહેસાણા, તા.૧૨

વિજાપુર તાલુકાના હસ્નાપુર ગામની સીમમાં શ્રમિકો વચ્ચે મજૂરીનાપૈસા બાબતે થયેલી તકરારમાં મહિલાના માથામાં લાકડાનો ફટકો મારી હત્યા કરવાના ગુનાના બે આરોપીઓને મહેસાણા સેશન્સ કોર્ટે આજીવન કેદ (જીવનના છેલ્લા શ્વાસ સુધી)ની સખત કેદની સજા અને દરેકને રૂ.૧.૧૭ લાખનો દંડ ફટકાર્યો હતો. દાહોદ જિલ્લાના ૧૪ જેટલા માણસો વર્ષ ૨૦૨૪માં ઘઉંની સિઝનમાં કાપણીની મજૂરી માટે વિજાપુર તાલુકાના હસ્નાપુર ગામે આવ્યા હતા. તા.૧-૪-૨૪ની રાત્રે નવેક વાગ્યે જમ્યા બાદ તેઓ કૂવાપર હાજર હતા ત્યારે સાથેના રાજુભાઈ બારીયા તથા ત્યાં રહેતો ભરતભાઈનો ભાગીયો રાજસ્થાનનો કમલેશભાઈ ગરાસિયા બંને સુભાષભાઈ રાકેશભાઈ ભાભોરપાસે આવ્યા હતા. મારા હિસાબના મજૂરીનાપૈસા મને આપી દો કહીને રાજુ અપશબ્દો બોલવા લાગ્યો હતો અને કમલેશેપણ તેનું ઉપરાણું લઈને અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી સુભાષભાઈનાં માતા લલીબેન તથા મામા મુકેશભાઈએ તેમને અપશબ્દો બોલવાની નાપાડતાં ઉશ્કેરાઈ ગયેલા કમલેશે લલીબેનના માથામાં જોરથી લાકડાનો ફટકો મારતાં તેઓ નીચે ઢળીપડ્યાં હતાં અને મુકેશભાઈનેપણ બરડામાં લાકડું માર્યું હતું. લલીબેન (ઉં.વ.૪૫)નું મોત નીપજ્યું હતું. સુભાષભાઈની ફરિયાદના આધારે લાડોલપોલીસે રાજુભાઈ બાબુભાઈ બારીયા (રહે. સાગડાપાડા, તા.ફતેહપુરા, જિ.દાહોદ) તથા કમલેશભાઈ કાન્તિભાઈ ગરાસિયા (રહે. ગણેશપુરા, તા.ગાંગરતલાઈ, જિ.બાંસવાડા, રાજસ્થાન) સામે હત્યા સહિતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ કેસમાં સરકારી વકીલપરેશકુમાર કે. દવેએ કોર્ટ સમક્ષ ૧૮ સાક્ષીઓ તપાસ્યા હતા અનેપીએમ નોટ, એફએસએલ રિપોર્ટ વગેરે ૨૬ દસ્તાવેજીપુરાવા રજૂ કરી આરોપીઓને કાયદાની જોગવાઈઓ આધિનપૂરેપૂરી સજા કરવાની માંગ સાથે દલીલો કરી હતી. જે ગ્રાહ્ય રાખી મહેસાણા સેશન્સ જજ એમ.એફ.ખત્રીએ બંને આરોપીઓને હત્યા સહિતની વિવિધ કલમો હેઠળ આજીવન કેદ (જીવનના છેલ્લા શ્વાસ સુધી)ની સખત કેદની સજા અને દરેકને કુલ રૂ.૧.૧૭ લાખનો દંડ ફટકાર્યો હતો. ઉપરાંત આરોપીઓએ ભરેલા દંડની રકમમાંથી રૂ.૨ લાખ વળતરપેટે મૃતકના વારસોને સરખે હિસ્સે ચૂકવવાનો હુકમપણ કર્યો હતો.

# આણંદના સામરખા ગામે ઘરકંકાસમાં દંપતીએ સાથે ઝેર ગટગટાવતાંપત્નીનું મોત

● આણંદ,તા.૧૨

આણંદ તાલુકાના સામરખા ગામના શક્તિનગર ખાતે દંપતી વચ્ચે કોઈ બાબતે તકરાર થઈ હતી જેનેપગલેપહેલાંપતિએ જંતુનાશક દવાપીધી હતી અને ત્યારબાદપત્નીએપણ ઝેરી દવાપી લીધી હતી જેથી બંને બેભાન થઈ ગયા હતા આ બંનેને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં આજે મહિલાનું મોત થતાં આણંદ રૂરલપોલીસે અપમૃત્યુની નોંધ કરી કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર આણંદ તાલુકાના સામરખા ગામના શક્તિનગર પ્રાથમિક શાળાપાસે રહેતા ધવલકુમાર શૈલેષભાઈપરમારનાં લગ્ન ઠાસરા તાલુકાના ભરથરી ગામે રહેતા સ્નેહાબેન દશરથભાઈ રાઠોડ નામની યુવતી સાથે આજથી બરાબર દસ મહિનાપહેલાં જ સમાજના રીતરિવાજ મુજબ થયા હતા તેમનું લગ્ન જીવન સારી રીતે ચાલી રહ્યું હતું. દરમિયાન ગત શુક્રવારે રાત્રે ધવલકુમાર નડિયાદ ખાતે રહેતાપોતાના સંબંધીના ઘરે માતાજીના હવનનો પ્રસંગ હોવાથી દર્શન કરવા ગયા હતા અને રાત્રે ૧૨ વાગ્યે તેઓ ઘરેપરત આવ્યા હતા આ વખતે તેમને તેમનીપત્ની સ્નેહાબેન સાથે કોઈ કારણોસર ઝઘડો થયો હતો જેના કારણે ધવલકુમારને મનમાં લાગી આવ્યું હતું એટલે તેમણે શનિવારની વહેલી સવારેપાંચ વાગ્યે ઘરમાંપડેલી ખેતીપાકમાં છાંટવાની જંતુનાશક ઝેરી દવા ગટગટાવી લીધી હતી. જેની જાણ થતાં જ તેમનીપત્ની સ્નેહાએપણ ઝેરી દવાપી લીધી હતી જેના કારણેપતિ-પત્ની બેભાન થઈ ગયા હતા. જેની જાણ થતાંપડોશીઓ અને સગાંસંબંધી દ્વારા તરત જ બંનેને હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં તબીબોએ બંનેની સારવાર શરૂ કરી હતી. આ દરમિયાન આજે વહેલી સવારે સ્નેહાબેનનું અવસાન થયું હતું. જેની જાણ થતાં જ આણંદ રૂરલપોલીસ સ્થળપર દોડી ગઈ હતી અને તેમણે આ અંગે અપમૃત્યુની નોંધ દાખલ કરી હતી અને આ બંને વચ્ચે ક્યા કારણોસર ઝગડો થયો હતો તે બાબતે વધુ તપાસ હાથ ધરી છે. સામરખા ગામે શક્તિનગરમાં બનેલી આ ઘટનાએ સમગ્રપંથકમાં ભારે ચકચાર જગાવી મૂકી છે.

Styrenix PERFORMANCE MATERIALS

**સ્ટાયરેનિક્ષ પરફોર્મન્સ મટેરીયલ્સ લિમિટેડ**

(અગાઉ ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ તરીકે જાણીતી)

**સીઆઈએન** : L25200GJ1973PLC002436

**રજી. ઓફિસ :** ૯મો માળ, "શિવા" સારાભાઈ કોમ્પ્લેક્ષ, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, વડીવાડી, વડોદરા - ૩૯૦ ૦૨૩.

**ફોન** : +૯૧ (૨૬૫) ૨૩૦૩૨૦૧ / ૦૨

**ઈ-મેઈલ** : secshare@styrenix.com | **વેબસાઈટ** : www.styrenix.com

## પોસ્ટલ બેલેટ નોટિસ

**આથી સૂચના આપવામાં આવે છે કે,** કંપની એક્ટ, ૨૦૧૩ (**"અધિનિયમ"**) ની કલમ ૧૦૮ અને ૧૧૦ અનુસાર અને કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ (**"નિયમો"**) ના નિયમ ૨૦ અને ૨૨ અને અધિનિયમ અને નિયમોની અન્ય લાગુ જોગવાઈઓ તથા કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલ સામાન્ય પરિપત્રો નંબર ૧૪/૨૦૨૦ તારીખ ૮ એપ્રિલ ૨૦૨૦, ૧૭/૨૦૨૦ તારીખ ૧૩ એપ્રિલ ૨૦૨૦, ૨૦/૨૦૨૦ તારીખ ૫ મે ૨૦૨૦, અને ૦૩/૨૦૨૫ તારીખ ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ (**"એમ.સી.એ. પરિપત્રો"**) તથા સિક્યોરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ અને ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ (**"લિસ્ટિંગ રેગ્યુલેશન્સ"**) ના નિયમન ૪૪ તથા સેબીના માસ્ટર પરિપત્ર તારીખ નવેમ્બર ૧૧, ૨૦૨૪ ની સાથે વાંચતા, ઈન્સ્ટીટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરવામાં આવેલ સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ ઓન જનરલ મીટીંગ્સ (**"એસ.એસ.-૨"**) અને અન્ય લાગુ કાયદા, નિયમો અને નિયમનો (કોઈ પણ વૈધાનિક ફેરફાર અથવા પુનઃ અધિનિયમ કે જે, જે તે સમય માટે અમલમાં છે અને સમયાંતરે સુધારેલા સુધારા સહિત) અનુસાર નીચે દર્શાવેલ ઠરાવો સ્ટાયરેનિક્ષ પરફોર્મન્સ મટેરીયલ્સ લિમિટેડ (**"કંપની"**) ના સભ્યો દ્વારા પોસ્ટલ બેલેટ દ્વારા, માત્ર ઈલેક્ટ્રોનિક વોટિંગ "ઈ-વોટિંગ" ની પ્રક્રિયા દ્વારા પસાર કરવાનો પ્રસ્તાવ છે, તેથી નીચેની બાબતો માટે માત્ર રિમોટ ઈ-વોટિંગ પ્રક્રિયા (**"ઈ-વોટિંગ"**) દ્વારા વિશેષ ઠરાવ માટે શેરધારકોની મંજૂરી માંગવામાં આવે છે :

| અનુ. નં. | વિશેષ ઠરાવ |
|---|---|
| ૧. | શ્રી રવિશંકર બાલકોટેશ્વરરાવ કોમ્પાલી (DIN : 06458292) ની વધુ ૨ વર્ષના સમય માટે, એટલે કે એપ્રિલ ૦૧, ૨૦૨૬ થી માર્ચ ૩૧, ૨૦૨૮ સુધી રોટેશન મુજબ નિવૃત્ત થનાર કંપનીના ડીરેક્ટર અને હોલ-ટાઈમ ડીરેક્ટર તરીકે ફરી નિયુક્તિ અને મહેનતાણું ચુકવવા અંગે. |

**આથી શેરધારકોને જણાવવામાં આવે છે કે :**

૧. કંપનીના બોર્ડ ઓફ ડીરેક્ટર્સ દ્વારા તારીખ જાન્યુઆરી ૨૯, ૨૦૨૬ ના રોજ યોજાયેલી તેની બેઠકમાં શેરધારકોને ઈ-વોટિંગ દ્વારા પોસ્ટલ બેલેટ દ્વારા ઉપરોક્ત બાબતને મંજૂર કરવા માટે વિશેષ ઠરાવ પસાર કરવાની ભલામણ કરી હતી.

૨. એમ.સી.એ. પરિપત્રો ના પાલન અન્વયે, કંપનીએ સ્પષ્ટીકરણ નિવેદન, સૂચનાઓ અને ઈ-વોટિંગ પ્રક્રિયા (પોસ્ટલ બેલેટની નોટિસ)ની રીત સાથે પોસ્ટલ બેલેટ નોટિસ તારીખ જાન્યુઆરી ૨૯, ૨૦૨૬ મોકલવાની પ્રક્રિયા તારીખ માર્ચ ૧૨, ૨૦૨૬, ગુરૂવાર ના રોજ પૂર્ણ કરી છે, જેમાં ફક્ત ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા એ તમામ સભ્યો કે જેમના ઈમેલ આઈડી કંપની/ડિપોઝીટરીઝમાં નોંધાયેલા છે અને જેમના નામ તારીખ માર્ચ ૦૬, ૨૦૨૬, શુક્રવાર (કટ-ઑફ ડેટ) ના રોજ સભ્યોના રજિસ્ટર / લાભદાયી માલિકોની સૂચિમાં નોંધાયેલા છે તેમને મોકલી આપવામાં આવી છે.

૩. જે સભ્યોનું ઈમેલ કંપની / ડિપોઝીટરીઝમાં નોંધાયેલ નથી / ખોટી રીતે નોંધાયેલ છે, તેઓ પણ પોસ્ટલ બેલેટ નોટિસમાં ઉલ્લેખિત 'મતદાન માટેની સૂચનાઓ' માં વ્યાખ્યાયિત પ્રક્રિયા મુજબ પોતાનો મત આપી શકશે.

૪. **સભ્યો સૂચિત ઠરાવ પર તેમના મત તેમની સંમતિ અથવા અસંમતિ ફક્ત રિમોટ ઈ-વોટિંગ પ્રક્રિયા દ્વારા જ વ્યક્ત કરી શકશે.** ઈ-વોટિંગ માટે, કંપનીએ નેશનલ સિક્યુરીટીઝ ડિપોઝીટરી લિમિટેડ (NSDL) ને રોકેલ છે. ઈ-વોટિંગ માટેની વિગતવાર પ્રક્રિયા પોસ્ટલ બેલેટ નોટિસમાં આપવામાં આવી છે.

૫. કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ("બોર્ડ") એ મેસર્સ દેવેશ પાઠક એન્ડ એસોસિએટ્સ ના સ્થાપક શ્રી દેવેશ પાઠક, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીઝ (એફ.સી.એસ. ૪૫૫૯, સી.પી.૨૩૦૬) ને પોસ્ટલ બેલેટ અને ઈ-વોટિંગની પ્રક્રિયાને પારદર્શક રીતે કરવા માટે સ્ક્રુટીનાઈઝર તરીકે નિયુક્ત કર્યા છે.

૬. કટ-ઑફ ડેટ : જે શેરધારકોના નામ **તારીખ માર્ચ ૦૬, ૨૦૨૬** ના રોજ સભ્યોના રજીસ્ટર/લાભાર્થી માલિકોની યાદીમાં દેખાય છે, તેઓને ઈ-વોટિંગ માટે ધ્યાનમાં લેવામાં આવશે. જે વ્યક્તિ તારીખ માર્ચ ૦૬, ૨૦૨૬ ના રોજ શેરધારક નથી, તેમણે આ નોટિસનો ઉપયોગ ફક્ત સૂચના હેતુ માટે કરવાનો રહેશે.

૭. ઈ-વોટિંગ : મતદાન **સોમવાર, માર્ચ ૧૬, ૨૦૨૬ (સવારે ૯.૦૦ વાગે) શરૂ થશે અને મંગળવાર, એપ્રિલ ૧૪, ૨૦૨૬ (સાંજે ૫.૦૦ વાગે) સમાપ્ત થશે.**

**મહત્ત્વપૂર્ણ : એમસીએ પરિપત્રો અનુસાર, કંપનીએ સભ્યો માટે તેમના ઈ-મેઈલ એડ્રેસ નોંધાવવા માટે જરૂરી વ્યવસ્થાઓ કરેલ છે. જે સભ્યોએ તેમના ઈ-મેઈલ એડ્રેસ નોંધાવ્યા નથી તેઓને વિનંતી કરવામાં આવે છે કે, તેઓ (i) જો તેમના શેર ઇલેક્ટ્રોનિક સ્વરૂપે ધરાવે છે તો તેઓ તેમના ડિપોઝિટરી પાર્ટીસીપન્ટસ પાસે નોંધાવે જ્યાં તેઓ તેમના ડિમેટ ખાતાંઓ જાળવે છે, અને (ii) જો તેમના શેર ભૌતિક સ્વરૂપમાં ધરાવે છે તો કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ મેસર્સ એમયુએફજી ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડને ઈન્વેસ્ટર સર્વિસ રીકવેસ્ટ ફોર્મ (ISR-1) સાથે તેમના ઈ-મેઈલ એડ્રેસ અને અન્ય KYC ની વિગતો આપીને નોંધાવી શકે છે. ઉપરોક્ત ફોર્મ કંપનીની વેબસાઈટ https://styrenix.com/2506-2/ અને આરટીએની વેબસાઈટ https://web.in.mpms.mufg.com/KYC-downloads.html, પર ઉપલબ્ધ છે.**

પોસ્ટલ બેલેટ નોટિસ કંપનીની વેબસાઈટ www.styrenix.com પર તથા સ્ટોક એક્ષ્ચેન્જીસની વેબસાઈટ www.bseindia.com અને www.nseindia.com અને NSDL ની વેબસાઈટ https://www.evoting.nsdl.com/ પણ ઉપલબ્ધ છે.

કોઈ પ્રશ્નોના કિસ્સામાં, આપ www.evoting.nsdl.com પર હેલ્પ સેક્શન હેઠળ ઉપલબ્ધ શેરધારકો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (એફએક્યૂ) અને ઈ-વોટિંગ મેન્યુઅલ જોઈ શકો છો અથવા ૦૨૨ - ૪૮૮૬ ૭૦૦૦ ઉપર કૉલ કરી શકો છો અથવા evoting@nsdl.co.in પર શ્રીમતિ પલ્લવી મ્હાત્રેને ઈમેઈલ દ્વારા સંપર્ક કરી શકો છો.

બોર્ડના આદેશથી
**સ્ટાયરેનિક્ષ પરફોર્મન્સ મટેરીયલ્સ લિમિટેડ**
સહી/-
**ચિંતન દોશી**
મેનેજર - લીગલ અને કંપની સેક્રેટરી

**તારીખ :** માર્ચ ૧૨, ૨૦૨૬
**સ્થળ :** વડોદરા

# કેસર કેરીના ભાવ ગત વર્ષની સરખામણીએ વધારે રહેવા વકી

● ભાવનગર, તા.૧૨

ઉનાળાની ઋતુ અને કેસર કેરી... આ બંનેનો સંબંધ જાણે એકબીજા વગર અધૂરો છે.પરંતુ આ વર્ષે સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં કેસર કેરીનાપાકપર વાતાવરણનો માઠો પ્રભાવપડતો જોવા મળી રહ્યો છે. ભાવનગર જિલ્લાના સોસિયા, મહુવા અને ઘોઘાપંથક સહિતના વિસ્તારોમાં મોટા પ્રમાણમાં ખેડૂતો વર્ષોથી આંબાની ખેતી કરી રહ્યા છે.

સામાન્ય રીતે આંબામાં વહેલો મોર બેસે અને ત્યારબાદ નાની નાની કેરીઓ આવવાની શરૂઆત થાય છે.પરંતુ આ વર્ષે વાતાવરણમાં સતત આવતા ફેરફારોને કારણે આંબામાંપૂરતો મોર બેસ્યો નથી. બીજી તરફ અનેક આંબામાં નવાપાન અને ડાળીઓ ફૂટી નીકળતા ખેડૂતોમાં ચિંતા વધી છે.

જ્યારે આંબામાં નવાપાન અને ડાળીઓ આવે છે ત્યારે આંબાનુંપોષણ ત્યાં જ ખર્ચાઈ જાય છે. જેના કારણે મોરપૂરતો બેસતો નથી અને જ્યાં મોર બેસ્યો છે ત્યાં આવેલી નાની કેરીઓપણ ખરીપડવાની ભીતિ છે.

હાલની ડબલ ઋતુપણ ખેડૂતો માટે મુશ્કેલી ઊભી કરી રહી છે. સવારે અને રાત્રે ઠંડીનો અહેસાસ જ્યારે દિવસે વધતી ગરમી. આ બદલાતું વાતાવરણ કેરીનાપાક માટે અનુકૂળ સાબિત થઈ રહ્યું નથી. સામાન્ય રીતે એક આંબામાં વર્ષભરની માવજત બાદ ૧૫થી ૨૫ મણ સુધી કેરીનો ઉતારો મળતો હોય છે.પરંતુ હાલની સ્થિતિ જોતા આ વર્ષે માત્ર ૫ મણ જેટલો ઉતારો રહેવાની ભીતિ ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.

જો ઉત્પાદન ઘટશે તો તેની સીધી અસર બજારમાંપણ જોવા મળી શકે છે. એટલે કે કેસર કેરીના ભાવ ગત વર્ષની સરખામણીએ વધારે રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. એક તરફ ખેડૂતો માટે આપરિસ્થિતિ આર્થિક નુકસાનની ચિંતા ઉભી કરી રહી છે. તો બીજી તરફ કેસર કેરીના સ્વાદના શોખીનો માટેપણ આ વર્ષે કેરી મોંઘીપડવાની સંભાવના છે. બદલાતા વાતાવરણની અસર હવે ખેતી અને ખેડૂતોની આવકપર સીધી જોવા મળી રહી છે. જોપરિસ્થિતિમાં સુધારો નહીં થાય તો કેસર કેરીનું ઉત્પાદન વધુ ઘટી શકે છે.

# દાંતામાં જૂની અદાવતમાં ખેલાયો ખૂની ખેલ, પિતાનું થયું મોત અને બે દીકરાઓને ગંભીર ઈજા

● પાલનપુર,તા.૧૨

દાંતા તાલુકાના ઘરેડા ગામે જૂની અદાવતને કારણે યોજાયેલા ખૂની ખેલમાં એક વ્યક્તિનું મોત અને બે લોકોને ગંભીર ઈજાઓપહોંચી છે. દોઢ વર્ષપહેલા આરોપીના ભાઈના મોતના પ્રકરણમાં આક્ષેપો સામેનાપક્ષે નિર્દોષ છૂટ્યા હતા, જેને કારણે આરોપીઓએ ફરીથી આ હુમલો કર્યો. રાત્રિ સમયે છ વ્યક્તિઓએ સામેવાળાના ઘરે જઈને ધાંધલ મચાવી, મારામારી કરી અને છરીના ઘા ઝીંક્યા.

આ ઘટનામાં પિતા ભીમાભાઈએ ઘટનાસ્થળે જ જીવ ગુમાવ્યો અને તેમના બે દીકરાઓને ગંભીર ઈજાઓપહોંચી, જેને કારણે તેમને તાત્કાલિક સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરવામાં આવ્યા. આ ઘટના અંગે દાંતાપોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે, અને dysp ની રાહબારી હેઠળ lcb અને જીલ્લાપોલીસ તપાસ કરી રહી છે. બે આરોપીઓને ધરપકડ કરીને જેલ ભેગા કરવામાં આવ્યા છે, જ્યારે ચાર આરોપીઓ હજી ફરાર છે.

ભોગ બનનારાપરિવારના સભ્યોએ જણાવ્યું કે, દોઢ વર્ષપહેલા થયેલા ભાઈના મોતના પ્રકરણમાં તેઓ નિર્દોષ છે, છતાં આરોપીઓએ અદાવત રાખી આ ખૂની ખેલ ખેલ્યો છે. આ હુમલો કુટુંબની જૂની અદાવતને કારણે થયો છે, અનેપરિવાર હાલ આ ઘટનાથી ખૂબ જ આઘાતગ્રસ્ત છે. દાંતા ડિવિઝનના dysp વી બી બારડે જણાવ્યું કે, સમગ્ર ઘટનાની મોનિટરિંગ કરવામાં આવી રહી છે અને ઝડપાયેલા આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. દાંતાપીઆઈ આ મામલે આગળની વધુ તપાસ કરી રહ્યા છે અને બાકીના આરોપીઓને ઝડપવા માટે સઘન શોધખોળ ચાલી રહી છે.

# અવારનવાર થતાં ઝઘડાના સમાધાન ટાણે પથ્થરમારો અને મારામરી થતાં તંગદિલી

● દાહોદ,તા.૧૨

ગોવિંદગુરુ લીમડી તાલુકાના કારઠ ગામના આમલી ફળિયામાં રહેતા ૫૫ વર્ષીય ભુરાભાઈ દીતાભાઈ નૈયાના છોકરા સુનિલભાઈ ભુરાભાઈ નૈયાને તેમના ફળિયામાં રહેતા તેમના કુટુંબના જશવંતભાઈ સનિયાભાઈ નૈયાના છોકરા ઋત્વિક નૈયાની પત્ની લક્ષ્મી બેન સાથે અનૈતિક સંબંધ હોવાની શંકા રાખી છેલ્લા ત્રણેક વર્ષથી જશવંતભાઈ સાનિયાભાઈ નયા તેનો ભાઈ અર્જુનભાઈ નૈયા તેમજ તેનો છોકરો તુષાર નૈયા એમ ત્રણેય જણા અવારનવાર ઝઘડો તકરાર કરતા હોય અને ભુરાભાઈ નૈયા થતા જશવંતભાઈ નૈયા એક જ કુટુંબના હોઈ અને એક જ ફળિયામાં નજીક નજીકમાં રહેતા હોવાથી આ ઝઘડાનું સમાધાન કરવા ગામ પંચ ભેગું થયું હતું. તે વખતે સમાધાનમાં સુનિલભાઈ નૈયા આવતાં જ જશવંતભાઈ સનિયાભાઈ નૈયા,અર્જુનભાઈ સનિયાભાઈ નૈયા તથા તુષારભાઈ જશવંતભાઈ નૈયા એમ ત્રણેય જણા અચાનક ઉશ્કેરાયા હતા. અને ભુરાભાઈ નૈયા તથા તેમની સાથે આવેલા માણસોને બેફામ ગાળા ગાળી કરી, લાપટ ઝાપટનો માર મારી ઈજાઓ પહોંચાડી હતી. તથા જશવંતભાઈ નૈયા તથા અર્જુનભાઈ નૈયા એ નજીકમાં પડેલા પથ્થરો લઈ પથ્થર મારો કરતાં ભુરાભાઈ દીતાભાઈ નૈયાને છાતીના ભાગે પથ્થર વાગતાં પાંસળીમાં ફેક્ચર થતા ગંભીર ઈજા થઈ હતી,

# શહેરા તાલુકામાં કડાણા ડેમ વિસ્થાપિતોની જમીન પર દબાણો મુદ્દે તંત્રની લાલ આંખ

● શહેરા,તા.૧૨

મહીસાગર નદી પર નિર્મિત કડાણા ડેમ વખતે પોતાની જમીન ગુમાવનાર વિસ્થાપિતોને શહેરા તાલુકાના ડેમલી અને બામરોલી (બુઝર્ગ) ગામમાં સરકારે જમીન ફાળવી હતી. જોકે, દાયકાઓથી આ જમીન પર અન્ય શખ્સો દ્વારા કરવામાં આવેલા ગેરકાયદે દબાણોને દૂર કરવા માટે વહીવટી તંત્રએ આખરે મેગા ઓપરેશન હાથ ધર્યું છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે તંત્રએ ડેમલી ગામે દબાણો દૂર કર્યા છે, જ્યારે બામરોલી (બુઝર્ગ) ગામે પણ વિસ્થાપિતોની જમીન પર અનધિકૃત કબજો જમાવનાર આશરે ૫૦ જેટલા લોકોને તંત્ર દ્વારા નોટિસ પાઠવવામાં આવી છે.જોકે તંત્રની આ કાર્યવાહીથી વર્ષોથી અહીં વસવાટ કરતા પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે.નોટિસ મળ્યા બાદ અનેક પરિવારોએ પોતાની ઘરવખરી બહાર કાઢવાનું શરૂ કરી દીધું છે. મહીસાગર નદી પર કડાણા ડેમનું નિર્માણ કરવામાં આવ્યું ત્યારે અનેક ખેડૂતોની ખેતીલાયક જમીન ડૂબાણમાં ગઈ હતી. આ વિસ્થાપિત પરિવારોના જીવનનિર્વાહ માટે સરકાર દ્વારા શહેરા તાલુકાના ડેમલી અને બામરોલી (બુઝર્ગ )ગામ માં જમીન ફાળવવામાં આવી હતી.